# બજારમાં રસદાર જરદાળુ ફળનું આગમન

## કબજિયાત અને પાચનતંત્રને લગતી ઘણી સમસ્યાઓને સરળતાથી દૂર કરે છે આ જરદાળુ ફળ

ગાંધી.તા.૧૨

બજારમાં અનેક પ્રકારના સિઝનલ ફળ આવવા લાગ્યા છે. ત્યારે આવું જ એક ફળ છે જરદાળુ.બજારમાં હાલ આ ફળ રૂ.૨૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યું છે.શહેર માં સેક્ટર ૨૧ ના માર્કેટ માં સૌથી વધુ વેરાયટી વાળા શાકભાજી અને ફળો જોવા મળે છે.જેમાનું આ એક ફળ છે.અહીંયા ફ્રૂટ બજાર માં વિવિધ ફળ ની લાઈનો લાગી જાય છે.જેને જોતા જ ખાવાનું મન થાય તેવા રંગબેરંગી આ ફળો જેની હવે આગામી દિવસો માં ભારે ડિમાન્ડ રહેશે.આગામી દિવસોમાં વ્રત- ઉપવાસ નો માહોલ છવાશે તેવામાં બજારો ફળો થી ઉભરાયેલા જોવા મળશે.જો કે હવે તો ફળો બારેમાસ ઉપલબ્ધ જોવા મળતા હોય છે.પરંતુ ફ્રેશ ફળ ખાવાના ફાયદા પણ અઢળક છે.

જરદાળુ આયુર્વેદની દ્રષ્ટિએ પણ ફાયદાકારક છે. વિવિધ દવાઓમાં પણ તેનો ઉપયોગ થાય છે. સાથે જ તેના ઉપયોગથી ઘણી બીમારીઓથી રાહત મેળવી શકાય છે.

જરદાળુ ફળનો સ્વાદ મીઠો અને ખાટો હોય છે. તે પીળા રંગનું ગોળાકાર આકારનું રસદાર ફળ છે.લોકો મસાલેદાર વાનગીઓ સાથે જરદાળુની ચટણી પણ ખાય છે.




આ ફળ ખાવાના ઘણા ફાયદા છે. આ ફળ ખાવાથી અનેક પ્રકારની ગંભીર બીમારીઓથી બચી શકાય છે.

જરદાળુમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે, જે પેટની પાચનક્રિયાને યોગ્ય રાખે છે અને પેટને ઠંડુ રાખે છે. તેને સાથે ખાવાથી ચહેરા પર ચમક આવે છે.

એટલું જ નહીં આ ફળ ખાવાથી આંખોની રોશની પણ તેજ બને છે. આ સિવાય તે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. તે હૃદય સંબંધિત બીમારીઓને રોકવાનું કામ કરે છે.

જરદાળુની રચનામાં ઘણા ઉપયોગી વિટામિન્સ, સ્ટાર્ચ, ટેનીન, તેમજ એસિડના ત્રણ પ્રકારો શામેલ છે. ટાર્ટિક, મેલિક અને સાઈટ્રિક. આ ઉપરાંત, તેમાં હાડકા ને મજબૂત બનાવવા માટે જરૂરી ક્ષાર અને ખનિજો આ ફળ માં શામેલ છે.

જરદાળુ ના પોષક તત્વ હૃદય રોગ થી જોડાયેલ સ્થૂળતાપણું, કોલેસ્ટ્રોલ અને ડાયાબિટીસ જેવા રોગોને દૂર કરવામાં સહાયક છે. જરદાળુ માં હાજર કેરોટેનોએડસ અને ફલેવોનોએડ્સ જેવા એન્ટી ઓક્સિડેન્ટ નસોમાં કોલેસ્ટ્રોલના ઓક્સિકરણને અટકાવવામાં સહાયક છે.જરદાળુમાં આયર્ન મળી આવે છે, જે શરીરની નબળાઈને દૂર કરીને શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. જરદાળુ ખાવાથી એનિમિયાની સમસ્યા દૂર થાય છે.

જરદાળુ ખાવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે અને સીઝનલ રોગોનું જોખમ અનેક ગણું ઓછું થાય છે. શરદી અને ઉધરસની સમસ્યા સહેલાઈથી થતી હોય તો ડાયટમાં જરદાળુને ચોક્કસ સામેલ કરો.જરદાળુમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જે કબજિયાત અને પાચન તંત્રને લગતી ઘણી સમસ્યાઓને સરળતાથી દૂર કરે છે.

# શહેરની ફાઈવસ્ટાર હોટલમાં ઝુમ્બા બાય ધ પૂલ, ગોલા અને ફાલુદા કુલ્ફીની મોજ

### હોટેલ 'ધ લીલા ગાંધીનગર'માં રોમાંચક ગેમ ઝોનથી માંડીને હળવા યોગ સેશન

ગાંધીનગર, તા.૧૨

રોમાંચક ગેમ જોનથી માંડીને હળવા યોગ સેશન, ગાઈડેડ ટુર અને પરિવાર સાથે વાનગીઓનો અનોખા અનુભવ, 'ધ લીલા ગાંધીનગર' ખાતે 'ફન વીકએન્ડ'ના ભાગરૂપે વિશેષ પ્રવૃત્તિઓની લાઈન અપ પરિવારોને સાથે આવવા અને કાયમી યાદો બનાવવાની સંપૂર્ણ તક આપે છે. પરિવારો માટે આ ગોઠવણ સાથે મળીને મોજ માણવાની પરફેકટ તક બની રહેશે. હોટલે આ પ્રસંગે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન કર્યુ છે જેમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મતની મોજ મળી રહેશે અને માતા-પિતા બાળકોની સલામતીની ચિંતા કર્યા વગર રિલેક્સ થઈ શકશે. આ પ્રવૃત્તિઓમાં વીકેન્ડમાં વિવિધ ઓનલાઈન અને ઓફલાઈન ગેમ્સનો સમાવેશ કરતા ડેડિકેટેડ કીડઝ ગેમીંગ ઝોનનો સમાવેશ થાય છે.

શુક્રવારે પરિવારો સાઈટ્રસ અથવા આલ્ફરેસ્કો ખાતે સ્પેશ્યલ ડીનરનો અનોખો અનુભવ માણી શકશે જ્યાં ઈન્ટરએકટિવ લાઈવ સ્ટેશન્સ, લાઈવ મ્યુઝિક, શેરડીના રસ, ગોલા અને ફાલુદા કાઉન્ટર રાહ જુએ છે. શનિવાર સવારની નિષ્ણાત સંચાલિત તાજગીસભર યોગ સાથે શરૂઆત થશે, ત્યારે પૂલ ઉપર આનંદદાયક વાતાવરણ સર્જાશે. બપોર પછી પરિવારોને દાંડી કુટીર અને મહાત્મા ગાંધીના જીવન અને બોધ ઉપર આધારિત આનંદદાયક ટુર ઉપર લઈ જવામાં આવશે. હોટલે આ માટે પરિવારોને લાવવા-લઈ જવાની સગવડ કરી છે. સાંજે સ્વાદિષ્ટ ભોજન લેતાં પહેલાં મહેમાનો પૂલ નજીક એક્વા ઝુમ્બા સેશનની મજા માણી શકશે. રવિવારે મહેમાનો સાઈટ્રસમાં ઈન્ટરએકટિવ લાઈવ સ્ટેશન્સ, વિવિધ પીણાં, લાઈવ મ્યુઝિક અને બાળકો ગોળા, ફાલુદા કુલ્ફી અને વિવિધ પ્રવૃત્તિઓ સાથે બ્રન્ચની મજા માણી શકશે.

### પરિવાર માટે 'ફન વીક એન્ડ ટુર'ની સફર યાદગાર બનશે

હોટલ લીલા ગાંધીનગરના જનરલ મેનેજર વિકાસ સૂદ જણાવે છે કે "રોમાંચક ગેમ ઝોન્સથી માંડીને રિલેક્સીંગ યોગ સેશન્સ, ગાઈડેડ ટુર તેમજ અનોખી વાનગીઓ માણવાની મજા ઉપરાંત, ફન વીક એન્ડ ટુરના હિસ્સા તરીકે વિશેષ પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવ્યુ છે, જે પરિવાર માટે લાંબા ગાળાની યાદગાર સ્મૃતિ બની રહેશે. અહીં જે પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવ્યુ છે તે માત્ર મનોરંજક જ નહી પણ જ્ઞાનવર્ધક હોવાની સાથે સાથે હાસ્ય પ્રસરાવા ઉપરાંત પરિવાર સાથે ક્વોલિટી ટાઈમ ગાળવાનો અનોખો અવસર બની રહેશે."

### સરગાસણ પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

સરગાસણ પ્રાથમિક શાળા ખાતે ગૃહ વિભાગના સેક્રેટરી નીપુણા તોરવણે ની વિશેષ ઉપસ્થિતિમાં શાળાના પ્રિન્સિપાલ શ્રુતિબેન જોશી તેમજ સ્ટાફગણ ના આયોજન હેઠળ શાળાનો પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં વોર્ડ નંબર ૮ ના કાઉન્સિલર છાયા બેન ત્રિવેદી , મેડિકલ ઓફિસર કલ્પેશભાઈ ગોસ્વામી તેમજ ગામના સૌ અગ્રણીઓ, દાતાશ્રીઓ, વાલીઓ, બાળકો તથા શિક્ષકગણ ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.આ પ્રસંગે નાના ભૂલકાઓએ ખૂબ જ સુંદર કૃતિઓ રજૂ કરી હતી અને આઈપીએસ અધિકારી નિપુણ બેન તોરવને એ બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા.અને વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તેમજ પ્રમાણપત્ર વિતરણ પણ કરાયા હતા.આ પ્રસંગે ગાંધીનગર મનપા ના મેયર દ્વારા ભેટ સ્વરૂપે સ્કૂલબેગ નું વિતરણ કર્યું હતું. તેમજ ગામના દાતાશ્રીઓને શુભેચ્છા પત્ર નુંવિતરણ પણ કર્યું હતું.


# ગાંધીનગરના સાહિત્યકાર રાઘવજી માધડને "ડૉ.દિનકર જોષી અખંડ આનંદ પુરસ્કાર"

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સાહિત્યકાર રાઘવજી માધડની ટૂંકી વાર્તા 'ઊપજ' માટે વર્ષ ૨૦૨૨નો ડૉ. દિનકર જોષી અખંડ આનંદ પુરસ્કાર માટે પસંદગી પામતાં શહેરના શહેરના સાહિત્ય વર્તુળમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. જાણીતા સાહિત્યકાર ડૉ. દિનકર જોષીના અમૃત મહોત્સવ પર્વ નિમિત્તે ૨૦૧૨માં મુંબઈમાં એક કાર્યક્રમ યોજાયો હતો. અમૃત મહોત્સવ માટે રચાયેલી એક સમિતિએ આ કાર્યક્રમના એક ભાગ તરીકે 'અખંડ આનંદ'ને રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર)નું અનુદાન આપ્યું હતું. તદ્અનુસાર પ્રતિ વર્ષ 'અખંડ આનંદ'ના જાન્યુઆરીથી ડિસેમ્બર ૧૨ અંકોમાં પ્રગટ થયેલી ટૂંકી વાર્તાઓ તથા લેખોમાંથી એક એક રચનાને પસંદ કરી, તેના લેખકને રૂ. ૨,૫૦૦/- નો 'ડૉ. દિનકર જોષી – અખંડ આનંદ' વિશેષ પુરસ્કાર આપવાનું નક્કી થયું છે. વર્ષ ૨૦૨૨ના જાન્યુઆરીથી ડિસેમ્બર અંકોમાં પ્રકાશિત થયેલી પૈકી નીચેની બે કૃતિઓને આ વર્ષે આ બહુમાન આપવાનું નિર્ણાયકો દ્વારા ઠરાવાયું છે. જેમાં ટૂંકી વાર્તા માટે ગાંધીનગરના સાહિત્યકાર રાઘવજી માધડની 'ઊપજ' (ઑક્ટોબર-નવેમ્બર, ૨૦૨૨)ની અને લેખ વિભાગમાં માટે યુ.કે.સ્થિત વિપુલ કલ્યાણીના લેખ 'વિલાયતી - ગુજરાતી પત્રકારત્વ જગત' (એપ્રિલ, ૨૦૨૨)ની પસંદગી કરાઈ છે. આ બંને રચનાકારોને 'અખંડ આનંદ' અને ભિક્ષુ અખંડ આનંદ ટ્રસ્ટ તરફથી અભિનંદન આપવામાં આવ્યાં છે. આ સન્માન માટે નિર્ણાયકો તરીકે પ્રવીણભાઈ લહેરી, પ્રકાશ લાલા અને ડૉ. દિનકર જોષીની સેવાઓ પ્રાપ્ત થઈ હતી.



# પૂર્વ શિક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં સે.૧૬માં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૨

શહેરની સરકારી શાળાઓમાં આજે સવારે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. સેક્ટર-૧૬ની સરકારી પ્રાથમિક શાળા ખાતે આયોજિત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને સ્થાનિક અગ્રણી અને શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ કાર્યકારી પ્રમુખ વિદ્યા લાયબ્રેરીવાળા પ્રદિપસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત અન્ય મહેમાનોમાં શાળા કમિશનર કચેરીમાંથી વહીવટી અધિકારી ભદ્રસિંહ ચુડાસમા, કોર્પોરેટરો ગૌરાંગ વ્યાસ, હેમાબેન ભટ્ટ, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર કામીનીબેન ત્રિવેદી, અગ્રણી જી.કે.પરમાર સહિત અન્ય મહાનુભાવો અને સ્થાનિક અગ્રણીઓ જયેન્દ્રભાઈ, અશોકભાઈ, મહેન્દ્રભાઈ, વિજયસિંહ માજીરાણા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શાળાની નબળાં વર્ગની દિકરીઓને શહેરના મેયર તરફથી સ્કૂલબેગનું વિતરણ કરાયું હતું તથા શાળામાં ધોરણ ત્રણથી આઠમાં પ્રથમ ત્રણ નંબરે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સે.૧૬ના વેપારી મંડળ તરફથી પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શાળાની વિદ્યાર્થીની અને વિદ્યાર્થી સાથે સ્મિતાબેન પ્રજાપતિએ કર્યું હતુ. સમાપને શાળાના મુખ્ય શિક્ષક અરૂણભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો. છેલ્લે શાળાના પ્રાંગણમાં વડલો, પીપળો, લીમડો અને ફળાઉ છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# વાવાઝોડાને પગલે જિલ્લાતંત્રને એલર્ટ મોડ પર મુકતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૨

બિપરજોય વાવાઝોડાને પગલે તંત્રએ પણ સજ્જતા સાથે એલર્ટ મોડ પર મુકવાના આદેશો જિલ્લા કલેક્ટર હિતેષ કોયાએ આજે કર્યા છે.૧૨ થી ૧૬ દરમ્યાન જિલ્લામાં થનાર વરસાદની સ્થિતિને ધ્યાને રાખી કર્મચારી અધિકારીઓને તેમના ફરજના સ્થળ પર જ રહેવાની સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ફરજનું સ્થળ અનિવાર્ય સંજોગોમાં છોડવાનું થાય તો ઉપલા અધિકારીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. જિલ્લા કલેક્ટરશ્રીએ વાવાઝોડામાં પવનની ગતિ વધુ રહેવાની સંભાવનાને પગલે હોર્ડિંગ્સ પણ જરૂર જણાય ત્યાંથી ઉતારી લેવામાં આવે તેવી સૂચના આપી છે.જિલ્લાના ચારેય તાલુકાના કંટ્રોલરૂમ એક્ટીવ કરી દેવામાં આવ્યા છે. ચારેય તાલુકાના નોડલ ઓફિસરોનો પણ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટેની સૂચનાઓ આપી છે.દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મ્યુનિ. મિશનર કેયુર જેઠવાએ આજે ફાયર સ્ટેશનની મુલાકાત લઈ અને સાધનોની ચકાસણી કરી બધાને તૈયાર રહેવા માટેની સૂચનાઓ આપી હતી.શહેર-જિલ્લામાં ૧૨ થી ૧૬ જૂન દરમ્યાન વરસાદની સ્થિતિ રહેવાનું હવામાન-પૂર્વાનુમાન છે. જિલ્લામાં આમ તો છુટા છવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ થવાનું પૂર્વાનુમાન છે. ૧૫મીએ છુટા છવાયા સ્થાનો પર ભારેથી અતિભારે વરસાદ થવાનું પણ હવામાન-પૂર્વાનુમાન છે. ૧૬મીએ પણ છુટા છવાયા સ્થાનો પર ભારે વરસાદ થવાનું પૂર્વાનુમાન છે.

# વીસ વર્ષે જમીન પર હક્કદાવો ના મંજૂર કરતી ગાંધીનગર કોર્ટ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં જમીન અંગેના હક્કદાવાના કેસમાં વાદીઓ દ્વારા દાવા અરજીમાં મહત્વની વિગતો છુપાવી હોવાને અનુલક્ષીને ગાંધીનગર કોર્ટ દ્વારા ૨૦ વર્ષ અને ૫ માસના અંતે દાવા અરજી નામંજુર કરવામાં આવી છે. મૂળ વાવોલના અને હાલ સેક્ટર-૭માં રહેતાં નટવરભાઈ નારણભાઈ પટેલ અને રાવજીભાઈ નારણભાઈ પટેલનાઓએ વાદીઓ તરીકે મહે.ગાંધીનગરના એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ડી.જે.રાજપુત સાહેબની કોર્ટમાં મૈયત નારણભાઈ છગનભાઈ પટેલની વાવોલ ગામની સીમમાં આવેલ સ્થાવર, જંગમ મીલકતની વહેંચણ કરાવવા તથા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા બાબતે પ્રતિવાદીઓ પટેલ ઘનશ્યામભાઈ નારણભાઈ અને ભરતભાઈ નારણભાઈ પટેલ અને ચંપાબેન નારણભાઈ પટેલનાઓ રહે.વાવોલ હાલ ગાંધીનગર, સેકટર-૪,ઉપર સ્પે.દીવાની મુકદમા નંબર ૧૫૨/૨૦૦૨ થી દાવો દાખલ કરેલો જેનો નવો નંબર રેગ્યુલર દીવાની દાવા નં.૪૮/૨૦૧૫ પડેલો તે દાવાના કામે નામ.કોર્ટ ૨૦ વર્ષ ૫ માસ બાદ સુનાવણીના અંતે તા.૪/૫/૨૦૨૩ના રોજ વાદીઓ નટવરભાઈ નારણભાઈ પટેલ અને રાવજીભાઈ નારણભાઈ પટેલ તેમજ તેમના સંતાનોએ કરેલ વહેંચણીનો દાવો નામંજૂર કરતો હુકમ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે વાદીઓ દ્વારા સદરહુ દાવામાં જરૂરી પક્ષકારોને જોડેલા નથી, મૈયત નારણભાઈ છગનભાઈ પટેલ જે સદરહુ દાવામાં દર્શાવેલ મીલકતો વીલ યાને વસીયતનામા આધારે તેમના પુત્રો ઘનશ્યામભાઈ નારણભાઈ પટેલ, ભરતભાઈ નારણભાઈ પટેલને આપેલ છે તે તેમજ તેમની પત્ની ચંપાબેનને બક્ષીસલેખી આપેલ તમામ જમીનો સ્વતંત્ર પાર્જીત મીલકતો છે વારસાઈ મીલકતો નથી માટે નામ,કોર્ટે મૈયત નારણભાઈ કરેલ વસીયતનામું અને તેમની હયાતીમાં તેમના પત્ની ચંપાબેનને બક્ષીસથી જમીનો અને મીલકતો આપેલ છે તે માન્ય રાખેલ છે. વીલ અને બક્ષીસલેખ સાચો ઠેરવેલ છે તેમજ વીલ અને બક્ષીસથી વહેંચણી થઈ ગયેલ છે જેથી વહેંચણી માટે કોઈ મીલકત રહેતી નથી તેમજ સદરહુ કામમાં વાદીઓ નટવરભાઈ નારણભાઈ પટેલ અને રાવજીભાઈ નારણભાઈ પટેલે પ્રતિવાદીઓ ધનશ્યામભાઈ નારણભાઈ પટેલ અને ભરતભાઈ નારણભાઈ પટેલની તરફેણમાં વાડાવાળી જમીનમાંથી પોતાનો હક્ક જતો કરેલ છે તે હકીકત પણ દાવા અરજીમાં જણાવેલ નથી એટલે કે છુપાવેલ છે, અમુક જમીનો સંપાદન થઈ ગયેલ હોવા છતાં પણ તે જમીનોમાં વહેચણીની દાદ માંગેલ છે. આમ વાદીઓએ દાવા અરજીમાં મહત્વની હકીકતો છુપાવેલ છે અને કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવેલ ન હોઈ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બનતા ન હોઈ ન્યાયના વિશાળ હીતમાં નામ.કોર્ટે વાદીનો દાવો નામંજૂર કરેલ છે અને તે મુજબનો હુકમનામું દોરવા હુકમ કરેલ છે.

### ન્યુ વાવોલમાં વિજળી 'વેરણ' થઇ..!!

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના ન્યુ વાવોલ વિસ્તારમાં આજે સવારે આશરે ૧૧ વાગ્યાથી વિજળી 'વેરણ' થતાં રહીશો પરેશાનીનો ભોગ બન્યાં હતા. લગભગ પાંચેક કલાકના પાવર કટ બાદ વિજળી આવતાં નાગરિકોને હાશકારો થયો હતો. એક તરફ ઉનાળાના અંતમાં વરસાદ પહેલાંનો ઉકળાટ નાગરિકિને સતાવી રહ્યો છે જેમાં પંખા કે એસી વગર રહેવું મુશ્કેલ બની રહ્યું છે તેવા સમયે લાઈટો ગુલ થઈ જતાં નાગરિકોબપોરના સમયે ત્રાહિમામ્ પોકારી ગયાં હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ન્યુ વાવોલ વિસ્તારમાં નવી સ્ટ્રીટ લાઈટના થાંભલા નાંખવાનુંકામ ચાલું હોવાથી વિજ પુતવઠો કાપવો પડ્યો હતો.

# અંબાપુર, પોર અને સરગાસણમાં બાળકોની શાળા પ્રવેશવિધિ






ગાંધીનગર,તા.૧૨

બાળકો ગણિત - વિજ્ઞાનના વિષયમાં રસ દાખવે અને ભવિષ્યમાં બાળકો સાયન્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરવા પ્રેરાય,તે પ્રકારનું ઉમદા વાતાવરણ બાળકોને પ્રાથમિક શાળાના શિક્ષણ દરમિયાન જ મળવું જોઈએ તેવું આજરોજ ગૃહ વિભાગના સચિવ નિપુણા તોરવણેએ જણાવ્યું હતું ગાંધીનગર વિસ્તારના અંબાપુર, પોર અને સરગાસણની પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ ઉત્સવ અંતર્ગત પ્રવેશ વિધિ સંપન્ન કરાવી ગૃહ વિભાગના સચિવ નિપુણા તોરવણેએ જણાવ્યું હતું કે, દક્ષિણના રાજ્યો કરતા ગુજરાતના વિદ્યાર્થીઓ સાયન્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરવામાં ઓછો રસ દાખવે છે.

બાળકોને ગણિત વિજ્ઞાન ના વિષયમાં રસ પડે તે માટે પ્રાથમિક શાળાના શિક્ષકોએ તેમને ગણિત વિજ્ઞાનના શિક્ષણમાં ગુણવત્તાને પ્રાધાન્ય આપવું જોઈએ. ગૃહ સચિવએ ઉમેર્યું હતું કે, બાળકોમાં પ્રાથમિક શિક્ષણ દરમિયાન જ ટીમ સ્પિરિટનો ભાવ પેદા થાય તે ખૂબ જરૂરી છે. ટીમ સ્પિરિટના ભાવથી બાળકો જીવનમાં શું મેળવશે, તેની દ્રષ્ટાંતપૂર્વક વાત કરી હતી. જીવનમાં શીખવા માટેની કોઈ ઉંમર હોતી નથી. તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, આપ જે દિવસે શીખવાનું બંધ કરશો તે દિવસે આપ આઉટ ઓફ ડેટ થશો. એટલે જ સમય સાથે કદમ મિલાવવા નવું નવું શીખવું પણ ખૂબ જરૂરી છે.

તેમણે બાળકોને નાસ્તામાં તૈયાર પડીકા ન ખવડાવવા માટે વાલીઓને અનુરોધ કરીને તેમણે ઉમેર્યું હતું કે, બાળકોને સુખડી, ચીકી જેવા ન્યુટ્રીશન મળી રહે તેવો આહાર ખવડાવવાનો આગ્રહ રાખવો જોઈએ. તેમણે ગામના અગ્રણીઓને તિથિ ભોજન થકી બાળકોને ન્યુટ્રીશન મળી રહે તે રીતેના આયોજન કરવા માટે પણ જણાવ્યું હતું.

દીકરા- દીકરી વચ્ચે અભ્યાસને લઈને કોઈ ભેદભાવ ન રાખવા માટે વાલીઓને પણ નમ્ર ભાવે તેમણે અપીલ કરી હતી.